પોલિટીક્સ અને બોલીવુડની દોસ્તી અતૂટ છે મોદી માટે ફિલ્મ સ્ટારો પણ મેદાનમાં દેખાશે

ગુજરાતના ત્રણ પૂર્વ મુખ્યમંત્રી તેમની બનાવેલી પાર્ટીનું સિંચન કરવામાં ફેઈલ

દિલ્હી પછી ગાંધીનગર, કેજરીવાલની પાર્ટીને સત્તાસ્થાને બેસાડી શકે તેમ છે

ત્રિપુરાના મુખ્યમંત્રી ગુજરાતના નિષ્ઠાવાન જીવરાજ મહેતાની યાદ અપાવે છે

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

લોકસભા-૨૦૧૪ના જંગમાં પોલિટીશ્યન સાથે બોલીવુડનું ગ્લેમર ઉમેરાય તો નવાઇ પામવા જેવું નથી... ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદી અને બોલીવુડ વચ્ચે બહુ સામ્યતા છે. વર્ષોની મહેનતને અંકે કરી લેવામાં ખોટું પણ નથી. શાહરૂખ ખાન, આમિર ખાન અને સલમાન ખાન એમ ખાન ત્રિપુટી સિવાય ફિલ્મસ્ટાર અમિતાભ બચ્ચન, અજય દેવગન, અક્ષયકુમાર, પ્રિતી ઝીંટા, રવિના ટંડન, જુહી ચાવલા પરેશ રાવલ, અનુપમ ખેર, વિવેક ઓબેરોય, અક્ષય ખન્ના, સંજય દત્ત જેવી અનેક સેલેબ્રિટીઝ મોદીને મળી ચૂકી છે, અમિતાભ બચ્ચનને બાદ કરતાં તમામનો ઉપયોગ લોકસભાની ચૂંટણીમાં થઈ શકે છે કે કેમ તેનો એક પોલિટીકલી અભ્યાસ શરૂ કરવામાં આવ્યો છે...

સચિન તેંડુલકર રાજયસભામાં આવી શકતો હોય તો મોદી માટે ફિલ્મ કલાકારોને ચૂંટણી લડાવવી એ રમતની વાત છે...ખબર છે કે ભાજપમાં વિશ્વકક્ષાની ક્રિકેટ મેચ રમી ચૂકેલા ક્રિકેટરોને ચૂંટણી લડવા માટેના આમંત્રણ આપવામાં આવી રહ્યાં છે...તેવી જ રીતે મોદી માટે ફિલ્મ કલાકારો જેવાં કે પરેશ રાવલ, અનુપમ ખેર, વિવેક ઓબેરોય અને અજય દેવગન ચૂંટણી લડી શકે છે. ભાજપની ટીકીટ ઉપર આ ચારેય ફિલ્મ કલાકારો આસાનીથી વિજય મેળવી પણ શકે, સવાલ તેમની સંમતિનો છે... ભાજપમાં શત્રુઘ્ન સિંહા, કિરણ મોરે, નવજોતસિંઘ, ધર્મેન્દ્ર, વિનોદ ખન્ના, હેમા માલિની, સ્મૃતિ ઈરાની વર્ષોથી પોલિટીક્સ કરતા આવ્યા છે...હવે આ પરંપરાને ગુજરાતના મુખ્યમંત્રી આગળ વધારે તેવું લાગી રહ્યું છે...

મોદીને વિઝા આપવાનો પ્રશ્ન ક્યાં આવે...!!

ભાજપમાં મોદીનું કદ મોટું થયું છે પણ અમેરિકા વિઝા આપવામાં આ વાત કેમ સમજતું નથી.. તેવો એક પ્રશ્ન સરકારના કેબિનેટ મંત્રીને પૂછવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું કે 'સાહેબને પીએમ બનવા દો, અમેરિકન નાગરિકો ભારતના વિઝા મેળવવા માટે લાઈન લગાવશે...' આમ પણ મોદીને ક્યાં વિઝાની જરૂર છે, તેઓ વગર વિઝાએ અમેરિકન ભારતીયો સાથે વાતચીત કરી શકે છે. અમેરિકન પ્રેસિડેન્ટ ગુગલ હેન્ગઆઉટ કે વિડીયો કોન્ફરન્સ તો બંધ કરાવી શકશે નહીં ને.. !! અમેરિકા ગયા વિના અમારા સાહેબ સેટેલાઈટ મારફતે તો યુએસએના દિલમાં રાજ કરે છે !! એ જ રાષ્ટ્રમાંથી એનઆરઆઈ પરિવારો ગુજરાત અને દેશના અન્ય રાજયોમાં મોદીના ચૂંટણી પ્રચાર માટે આવી રહ્યાં છે...

મોદીને ૨૦૦૫માં વિઝા આપવાનો ઈન્કાર કર્યા પછી અમેરિકાએ તેનું સ્ટેન્ડ બદલ્યું નથી. આજે આઠ વર્ષ થઈ ગયા, અનેક ભલામણો પછી પણ અમેરિકા તેની નિતીમાં પરિવર્તન કરવા માગતું નથી. ભારતની યુપીએ સરકારે પણ અમેરિકાને વારંવાર યુએસને તેમની નિતી બદલાવની વિનંતી કરી છે પણ સઘળા પ્રયાસો ફેઈલ ગયા છે. હવે અમેરિકા એમ કહે છે કે મોદી વિઝા માટે એપ્લાય કરે પછી ગુણદોષના આધારે તેમની અરજીની ચકાસણી કરીશું...આ પ્રકારના વલણથી ભાજપના નેતાઓના ભવાં ચઢી ગયા છે...અરે !! આપણે અફસોસ કઈ વાતનો કરવાનો છે...? અમેરિકાની નિતી તો કોઈને પણ સમજમાં આવતી નથી. આપણી દેવયાની હોય કે શાહરૂખ ખાન કે પછી આપણા રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ, અમેરિકા ભલભલાંના અપમાન કરે છે...

ગુજરાતમાં ત્રીજો મોરચો... વોટ અ જોક..!!

ગુજરાતનો ઈતિહાસ રહ્યો છે કે બે મુખ્ય પાર્ટીઓ સિવાય ત્રીજા પક્ષને સફળતા મળી નથી. ગુજરાતના સ્થાપના કાળથી રાજકારણમાં કોંગ્રેસ અને ભાજપનું જ વર્ચસ્વ રહ્યું છે. ૧૯૮૦ સુધી ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટીનું શાસન હતું. ૧૯૮૫માં ભાજપનો ધીમે ધીમે પગપેસારો થયો અને ૧૯૯૫માં પ્રથમવાર

● અનુસંધાન પાન-૭ પર

જાણીતા કટારલેખક સુરેશ પ્રા. ભટ્ટના અમૃત પર્વ ઉજવાયો

'આશકા' અને 'ઘંટારવ' પુસ્તકોનું વિમોચન-રામચરિત માનસ પર્વ પર વિશેષ પ્રવચનો તથા રામભકિતનો ગીત-સંગીતનો કાર્યક્રમ યોજાયો

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના વરિષ્ઠ કટાર લેખક, ચિંતક અને વિચારકશ્રી સુરેશ ભટ્ટના અમૃત પર્વ પ્રસંગે પ્રવચન, વિમોચન અને ભકિત સંગીતનો ત્રિવેણી કાર્યક્રમ યોજાયો હતો. સુરેશ ભટ્ટના વધુ બે પુસ્તકો 'ઘંટારવ' અને 'આશકા'નું વિમોચન ગુજરાતી ભાષાના વરિષ્ઠ સર્જક રતિલાલ બોરીસાગરના હસ્તે કરાયું હતું.

પ્રારંભમાં ગાંધીનગર સમાચારના મેનેજંગ તંત્રીશ્રી કૃષ્ણકાંત જહાએ શ્રી સુરેશભાઈના જીવનકવન પર પ્રકાશ પાડતા તેમની નિયમિતતા, તેમની વાચક નિષ્ઠા અને તેમની ચોકકસતાને બિરદાવી હતી. સુરેશ ભટ્ટના જીવનમાંથી આજની અને આવતીકાલની પેઢીને ખુબ જ શીખવાનું છે એમ તેઓએ ઉમેર્યું હતું. વરિષ્ઠ સર્જક રતિલાલ બોરીસાગરે સુપ્રભાતમ કોલમ દ્વારા ૧૭-૧૭ વર્ષથી સુપ્રભાતમ કોલમ દ્વારા નિતનવું અને નિયમિત વાંચન પીરસવા માટે સુરેશભાઈ ભટ્ટને અભિનંદન પાઠવ્યા હતાં. નાયબ મામલતદાર જેવી નોકરી છોડીને શિક્ષક બનવાનું પસંદ કરનાર સુરેશ ભટ્ટ જીવનની મહત્તાને શિખર ઉપર લઈ ગયા છે.

શ્રી સુરેશભાઈ ભટ્ટના અમૃત પર્વ નિમિત્તે ગાંધીનગર સમાચાર, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, વરિષ્ઠ સાથીઓ, મિત્રો, પરિવારજનો દ્વારા સન્માન કરાયું હતું. સન્માનના પ્રત્યુત્તરમાં સુરેશભાઈ ભટ્ટે પોતાના જીવનના મૌલિક અનુભવો વ્યકત કરતા કહ્યું હતું કે મને જયારે અને જયાં જેવું લાગ્યુ છે ત્યારે અને ત્યાં નિર્ભિક રીતે નિષ્પક્ષતાથી રજુ કર્યું છે અને ગાંધીનગર સમાચારે કોઈ પણ પ્રકારના અવરોધ વિના પ્રસિધ્ધ કર્યું છે તેનો રાજીપો વ્યકત કર્યો હતો. પોતે વકતા ન હોવાનો એકરાર કર્યા પછી પણ શ્રી સુરેશ ભટ્ટે ધારદાર અને અસરદાર વકતવ્ય આપ્યું હતું.

અમૃત પર્વ નિમિત્તે વર્તમાન ચરિતમાં રામચરિતનું મહત્વ પર વકતવ્ય આપતા ગુજરાતના જાણીતા શિક્ષણશાસ્ત્રી અને કટારલેખકો ભદ્રાયુ વચ્છરાજાનીએ સંદર્ભો સાથે અયોધ્યામાં રાવણ અને લંકામાં રામ પ્રગટાવવાની અનિવાર્યતા સમજાવી હતી. વર્તમાન સમયમાં રાવણોની વચ્ચે પણ રામને શોધવાની અનિવાર્યતા સમજાવી હતી. સંસ્કૃતના વિદ્વાન અધ્યાપક ડૉ. રશ્મિકાંત મહેતાએ રામાયણના વિવિધ પ્રસંગો ટાંકી પારિવારિક એકતા તથા સાદગીભરી જીવનશૈલી પર ચિંતનાત્મક વિચારો રજુ કર્યા હતાં.

કાર્યક્રમના પ્રારંભે ગુજરાતના જાણીતા ગાયિકા દિપ્તી દેસાઈ, યુવા ગાયક પંકિત ડાભી તથા આરતી ભટ્ટે

● અનુસંધાન પાન-૭ પર

કિંમતી ગાડીઓનાં લોગો સાથે ૮ ટાબરીયાઓ પકડાયા

સે-૧માંથી શંકાસ્પદ હાલતમાં પકડાયેલા લવરમુછીયાઓ પાસેથી ૧૧ લોગો મળી આવ્યા : મોટા ભાગનાં સરકારી કર્મચારીઓના દીકરાઓ

(તસવીર : વિપુલ ચૌહાણ)

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાંથી કિંમતી ગાડીઓના ચોરીના લોગો સાથે સે-૭ પોલીસે બીજી એક ગેંગ ઝડપી પાડી છે. બીએમડબલ્યુ, ઓડી સહિતની કિંમતી ગાડીઓના લોગોના જથ્થા સાથે સે-૧માંથી શંકાસ્પદ હાલતમાં ૮ ટાબરીયાઓ ઝડપાયા હતાં. સે-૭ પોલીસે રૂ. ૧૧ હજારના લોગો જપ્ત કરી ૪૧-૧ (ડી) મુજબ તમામ ટાબરીયાઓને પકડી પુછપરછ શરુ કરી છે.

સે-૭ પોલીસ મથકના પીએસઆઈ એ.કે. ભરવાડ તથા તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન સે-૧ પાસેથી ૮ શખ્સોને શંકાસ્પદ હાલતમાં પકડયા હતાં. તે આઠેય શખ્સોની તપાસ કરતાં સગીર વયનાં છે અને તેમની પાસેથી મોંઘીદાટ ગાડીઓના લોગોનો જથ્થો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. બીએમડબલ્યુના ૩, ફોકસવેગનના ૬, ઓડીનો અને ટોયોટો ગાડીનો એક એક લોગો મળીને ૧૧ લોગો મળી આવ્યા છે. રૂ. ૧૧ હજારની કિંમતના લોગો કબ્જે લઈ સે-૭ પોલીસે આઠેય ૪૧-૧-ડી મુજબ ધરપકડ કરી પુછપરછ શરુ કરી છે. ઉલ્લેખનીય છે કે તમામ સગીર વયના કિશોરો શાળા કોલેજમાં અભ્યાસ કરે છે અને મોટાભાગના કિશોરોના પિતા સરકારી કર્મચારી છે.

નાટ્ય તાલીમનું સમાપન - ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત - કલ્ચરલ સ્કૂલ ઓફ એકટીંગના અર્ધવાર્ષિક પ્રમાણપત્ર અભ્યાસકમના સમાપન સમારોહમાં ૪૦ બાળકોને નગરના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. તાલીમાર્થી બાળકોએ પાંચ નાટકોની પ્રસ્તુતિ પણ કરી હતી. 'મે હું ના', 'સમજુ બાળકો', 'સમજણ', 'નીરવ સુધરી ગયો' અને 'હીપ્પ હીપ્પ હુર્રે' જેવા બાળ નાટકો પીઢ કલાકાર અને સ્કૂલ ઓફ એકટીંગના ડાયરેકટર પ્રકાશ લાલાના દિગ્દર્શનમાં પ્રસ્તુત થયા હતા. વાલીઓ અને કલ્ચરલ ફોરમના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને બાળ કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા. (તસવીર : ભાવિન પટેલ)

ચાલુ ટ્રેનથી પટકાયેલા યુવાનનું માથુ અને બંને હાથ ધડથી અલગ...!

દિલ્હી-હરીદ્વાર એકસપ્રેસ ટ્રેનમાં સવાર યુવાન ખોરજ રેલવે ટ્રેક પર ટ્રેનમાંથી પડી ગયો અને કપચીના ઢગલા સાથે અથડાઈને પાછો ટ્રેક પર ફેંકાયો

ગાંધીનગર, તા.૨૯

મહેસાણાની એક નાસ્તાની દુકાનમાં નોકરી કરતો ૩૦ વર્ષીય યુવાન દિલ્હી-હરીદ્વાર એકસપ્રેસ ટ્રેનમાં સાંજના અરસામાં અમદાવાદ તરફ જઈ રહ્યો હતો તે દરમિયાન ખોરજ રેલવે ટ્રેક પાસે અચાનક ટ્રેનમાંથી યુવાન નીચે ફેંકાઈ ગયો અને કપચીના ઢગલા સાથે ટકરાઈને પાછો ટ્રેકમાં ફંગોળાઈને ફેંકાતા યુવનના ટુકડે ટુકડા થઈ ગયા ગતાં. બંને હાથ અને માથુ ધડથી અલગ થઈ જતા સ્થળ પર જ યુવાનનું મૃત્યુ નિપજયું હતું. રેલવે પોલીસે ગુનો દાખલ કરીને જમાદાર જસવંતસિંહે આ ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

રાજસ્થાનનો વતની અને મહેસાણા ખાતે એક નાસ્તાની દુકાનમાં નોકરી કરતો ૩૦ વર્ષીય યુવાન ગોપાલસિંગ મોરસિંગ ચૌહાણ ગઈ સાંજે દિલ્હી-હરીદ્વાર એકસપ્રેસમાં બેસીને અમદાવાદ તરફ જઈ રહ્યો હતો. ખોરજ ખોડીયાર રેલવે ટ્રેક પાસે કોઈ રીતે ગોપાલસિંગ ટ્રેનમાંથી નીચે પટકાયો અને ટ્રેકની સામે પડેલા કપચીના ઢગલા સાથે અથડાઈને પાછો ટ્રેક પર ફંગોળાઈને ફેંકાઈ જતાં ટ્રેનના ટાયર નીચે ચગદાઈ મર્યો હતો. શરીર પરથી ટ્રેન ફરી વળતા બંને હાથ અને માથુ ધડથી છુટું પડી ગયું હતું. રેલવે પોલીસને જાણ થતાં જમાદાર જસવંતસિંહ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને મૃતકના વાલી વારસને જાણ કરી બોલાવી લઈ પોસ્ટમોર્ટમ કરાવીને ગુનાની તપાસ શરુ કરી છે.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફુલાવરીંગ
રંગવાલા કેટરર્સ

Sleek
Now, you can double your kitchen storage!
RAJDHANI HARDWARE
G - 10, Megh Malhar Complex, Sector - 11, Ghandhi Nagar. Tel.: (0) 7923229033 / 9825033740

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES

પરાગ પટેલ (જંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (જંબુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪
દિવાની ટાઈલ્સ
રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ
તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે
જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર
પીલર, બેનર્સ...
મમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

આપના અવસરને ઉત્સવ બનાવો...
Videography & Photography
મો. ૯૮૨૪૮ ૨૮૧૬૯
લગ્ન પ્રસંગ
રીસેપ્શન
સંગીત સંધ્યા
બર્થ-ડે પાર્ટી
એડ-ફિલ્મ
ડોક્યુમેન્ટરી ફિલ્મ
Web Designing
Live Video Coverage
vivify
Vision Video Films Production
C-202, 2nd Floor, Swagat Rain Forest-III, KH-Road, Hadmatiya, Gandhinagar.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૮૮૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિશાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮ ૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com